

# ત્રિકમજી ભગવાન મંદિરની જાણવા જોગ માહિતી

---

શ્રી ત્રિકમજી ભગવાનનું ત્રણ શિખરનું ભવ્ય કોતરણીવાળું પથ્થરનું મંદિર પાટણ જિલ્લાના રાધનપુર નગરમાં મીરાં દરવાજા પાસે આવેલું છે.

શ્રી ત્રિકમજી ભગવાન દરજી-સુથાર જ્ઞાતિના ઇષ્ટદેવ તરીકે વર્ષો પહેલાં પ્રાણપ્રતિષ્ઠા થયેલ છે.મહા વદ-**13** મહા શિવરાત્રીના પર્વના દિવસે મંદિરના ગર્ભદ્વારમાં મધ્યમાં ગરુડજી સાથે બિરાજમાન છે. ઉતરબાજુ શ્રી રામચંદજી ,લક્ષ્મણજી અને જાનકીજી સાથે બિરાજમાન છે અને દક્ષિણબાજુ શ્રી રાધાકૃષ્ણ બિરાજમાન છે.

રંગ મંડપમાં સામસામે શ્રી ગણપતિજી અને હનુમાનદાદા બિરાજમાન છે.સભા મંડપમાં થોડા સમય પહેલાં પ્રતિષ્ઠિત થયેલ શ્રી વિશ્વકર્મા ભગવાન અને ભક્તશ્રી પીપાજી મહારાજ બીરાજે છે.બહાર મંદિરમાં જતાં ઉતર દિશામાં શ્રી હનુમાનજી મહારાજની ભવ્યમૂર્તિના દર્શન કરતાં અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. મંદિરના સન્મુખ શ્રી ખાખીજી( બાવાજી ) મહારાજની સમાધિ ઉપરનાં પગલાં અને શંકર પાર્વતીનું મંદિરના દર્શન કરવાનો લ્હાવો મળે છે. મંદિરના ચોકમાં બહુ જ પુરાણો પીપળો અને તેની છત્ર છાયામાં શ્રી ખાખીજી મહારાજનો જાગતો ધુણો આવેલો છે. ( હાલમાં બંધ છે. )

જુના જમાનામાં ભગવાનની ભક્ત બોડાણા જેવો છે.મૂર્તિની ભવ્યતા અને ચમત્કારો ખૂબ જ હતાં. દરજી-સુથાર સમાજ સિવાયના અન્ય જ્ઞાતિના ભાઇ-બહેનો નિયમિત દર્શન પૂજા અર્ચના કરવા પધારતા હતાં. સવારે-સાંજે આરતી પૂજા ઉત્સવોની ઉજવણીમાં સહભાગી બની ઘણા સુખી સંમન્ન થયા છે. જેની ત્રીજી પેઢીઓ આજે સાક્ષી છે.

ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાનો ઇતિહાસ ભક્ત બોડાણા જેવો છે.મંદિરની પ્રતિષ્ઠા પહેલાની આ વાત છે,,,,,,,

રાધનપુર નગર નવાબ સાહેબના તાબા હેઠળનું ગામ હતું તેમની જાહોજલાલી ચૌતરફ ફેલાયેલી હતી. લોકો સુખી સંપન્ન હતાં. એક દિવસ નવાબ સાહબિ સવારી સાથે ફરવા નીકળ્યા. આજનું જે મંદિર અને ધૂણો છે તે જગ્યાએ પીપળાના ઝાડ નીચે એક ખાખી બાવો ( નાગા બાવા ) ધૂણી ધખાવી બેઠા હતા. નવાબ સાહબિ અને દિવાન સાહેબે બાવાજીને વંદન કર્યા અને કહ્યું કે મહંત આપની શી મનોકામના છે. તે જણાવો,ત્યારે બાવાજીએ કહ્યું કે સંતોની શી ઇચ્છા હોય ? અહી આ જગ્યા ઉપર એક ભવ્ય મંદિર બનાવી આપો તો હું પૂજા પાઠ કરીશ.નવાબન આ સાંભળી ખૂશ થઇ ગયા અને મંદિર બનાવવાનું વચન આપ્યું અને દિવાન સાહેબની દેખરેખ હેઠળ પથ્થરની કોતરણીવાળું સોમપુરા કારીગરોની કારીગરીથી ભવ્ય મંદિર તૈયાર થયું.મંદિરની બાજુમાં ધર્મશાળા,પ્રવેશદ્વાર વગેરે પથ્થરનું બનાવી આપ્યાં.આજુબાજુની વિશાળ જગ્યા,ચોગાન તરીકે ખાલી રાખી.

મંદિરનું કામ પૂર્ણ થયા બાદ,મૂર્તિઓ લાવવાની હતી,તેવા સમયે એક ચમત્કારીક ઘટના બની.રાધનપુર નગર બહાર ભાખાસર તળાવનું ખોદકામ કરતાં જમીનમાંથી ભગવાનની મૂર્તિ નીકળી, તેની જાણ દિવાન સાહબિ મારફત નવાબ સાહેબને કરવામાં આવી હતી અને નવાબ સાહેબના હુકમથી નવાબ સાહેબે વિદવાન પંડિતોને બોલાવી વિધી વિધાનથી મૂર્તિને મંદિરમાં અંદર લાવવા માટે બળદોનો જોડેલો રથ શણગારી તૈયાર કર્યો.વાજતે ગાજતે ભગવાનને રથમાં પધરાવી આખું નગર ધામધૂમ સાથે નગરના પ્રવેશ દરવાજે પહોચ્યું.ત્યાં દરવાજાથી આગળ રથના બળદો હંકારવા છતાં પણ એક ડગલું આગળ ન વધ્યાં,ત્યારે હાજર રહેલા પંડિતોને ખ્યાલ આવી ગયો કે આ મૂર્તિમાં કાંઇક ચમત્કાર લાગે છે.તેમને દિવાન સાહેબને સલાહ આપી કે હાજર રહેલ દરેક જ્ઞાતિના વડિલોને બળદ હંકારવા માટે કહો.દિવાન સાહેબે તેમ કર્યુ.ઉચ્ચ વર્ણના તમામ જ્ઞાતિના વડિલોએ રથને હંકારવા પ્રયત્ન કર્યો.પરંતું બળદો ટસના મસ થયાં નહીં.આ સમયે દરજી-સુથાર જ્ઞાતિના વડિલો પણ હાજર હતાં.પરંતું નાની કોમના કારણે તેમને કહેવામાં આવેલું નહીં છેવટે દિવાન સાહેબે દરજી-સુથાર જ્ઞાતિના વડિલો તરફ ધ્યાન દોર્યુ. અને રથને હંકારવા વિનંતી કરી.વડિલો તૈયાર થયા.રથ ઉપર ચડા બળદોની રાશ પકડી ઇસારો કર્યો.રથ એક ઇશારે પવનવેગે મીરા દરવાજે મંદિરની પાસે આવી ઉભો રહી ગયો.રાધનપુર નગરના નગરજનો સ્તબ્ધ થઇ ગયાં. તે દિવસથી દરજી-સુથાર જ્ઞાતિનું માન વધ્યું.

મંદિરમાં બનાવેલ ભગવાનના સ્થાનો પ્રમાણે બીજી મૂતિઓ લાવી મહા વદ તેરસ મહા શીવરાત્રીના દિવસે ભવ્ય ધામધૂમથી શ્રી ત્રિકમજી ભગવાનનો પ્રાણ પ્રતિષ્ટા મહોત્સવ દરજી-સુથાર સમાજન સાથે રાખી શ્રી દિવાન સાહેબે વિદ્વાન પંડિતો દ્વારા ઉજવવામાં આવ્યોં. મંદિરના કબજો ખાખીજી મહારાજને સોપાયો.

શ્રી ભગવાનની મૂર્તિ ચતર્ભૂજ સ્વરુપ શ્યામ હતીં.જેથી દેખીતું સ્વરુપ શ્રી ત્રિકમજી દેખાતું હોઇ શ્રી ત્રિકમજી દાદા તરીકે પ્રાણ પ્રતિષ્ઠા થઇ.

મંદિરમાં ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા થતાં મૂર્તિ ચમત્કારિક હોઇ આજુ બાજુના અને દૂર દૂરના દરેક જાતિના લોકો ભગવાન શ્રી ત્રિકમજી ના દર્શને આવવા લાગ્યાં.કારણકે આજના જમાનામાં પણ મર્તિ નહીં પણ ભગવાન સ્વયં મુર્તિ રૂપે પધાર્યાનો સાંભળ્યો છે,આવી જ બીજી મુર્તિ નારાયણ સરોવર મધ્યે વચ્ચેના ભવ્ય મંદિરમાં પતિમાભિમુખ બીરાજમાન છે. ક્યારેક તેના દર્શનનો લ્હાવો લેવા જેવો છે.

ઘણાં વર્ષોની સેવા બાદ બાવાજીની વૃદધાવસ્થા થઇ એટલે બાવાજીએ નવા પુજારીને મંદિરનો કબજો સોંપવાની વાત દિવાન સાહેબને કરી.દિવાન સાહેબે દરજી-સુથાર સમાજની લાગણી જોઇ ,તેમની સેવા જોઇ તેમના ઇષ્ટદેવ બીજાને કેવી રીતે કબજો સોંપાય.એ નાતે દરજી-સુથાર જ્ઞાતિના વડિલોને બોલાવ મંદિરનો તમામ કબજો અને વહિવટ વિધીવત સોંપવામાં આવ્યો.સમાજમાં ખૂબ જ આનંદની લાગણી થઇ કારણ કે આવડું મોટું મંદિર આપણા જેવા નાના સમાજને મળે તે શ્રી “દાદા”ની કૃપા નહીં તો બીજું શું ? થોડા સમય પછી બાવાજી દેવ લોક પામ્યાં.સમાજે તેમનું વિધિવત સમાધિ આપી.મંદિરની જગયા ફક્કડની હોવાથી ફક્કડ સંતોનો ભવ્ય ભંડારો કરી પધારેલ તમામ સંતોને ભેટો આપી.બહુમાન આપી સમાધી ઉપર બાવાજીના પગલાની પથરામણી કરી.શીવલિંગ અને શીવ-પાર્વતીની પધરામણી કરી.નાનું મંદિર બનાવ્યું. પીપળાના ઝાડ નીચે પોકો ધૂણો બનાવી.તેમનું ઋણ અદા કર્યુ.જે આજે પણ મૌજુદ છે.

ખાખીજી બાવા ધૂણો અખંડ ચાલું રાખતાં હતાં.તે અને તેમના ચમત્કારો વડિલોના અનુભવે સાંભળેલાં છે.જૂના જમાનામાં સાધુઓની જમાત ગુજરાતથી કચ્છમાં નારાયણ સરોવરની યાત્રાએ જતી ત્યારે વચ્ચે તકલીફ પડતી ત્યારે આ સાધુઆ શ્રી ત્રિકમજી મંદિરમાં ઉતરતા. હતાં.જ્યાં તેમને પૂરે પૂરી સગવડ આપવામાં આવતી હતી.

આ મંદિરના પૂજારી તરીકે શ્રી પ્રાગદાસ બાપુએ આપણાં મંદિરની ઘણી જ સેવા કરી છે.ત્યારબાદ બાલકદાસ બાપુ પૂજારી તરીકે રહ્યા અને તેમને પણ આપણાં મંદિરની ઘણી સેવા પૂજા કરી છે.તેમના વખતમાં ફક્કડની ચોકીની **12** (બાર ) જગ્યાઓ સ્થાપિત કરેલી,તેના સભ્ય આપણું ત્રિકમજી મંદિર પણ છે. આ મંદિરમાં પૂજારી તરીકે ફક્કડની જગ્યા છે.તેથી જૂના વખતથી ફક્કડ પૂજારી પૂજા કરતા આવ્યા છ.

શ્રી નારાયણ સરોવરની યાત્રાએ સાધુઓનો સંઘ હાથી સાથે નીકળતો હતો.તે સંઘ રાધનપુર ત્રિકમજી મંદિરમાં ઉતારો કરતા હતો.તેમના પાકા સીધાની વ્યવસ્થા પણ મંદિર તરફથી કરવામાં આવતી હતી.બીજા ઘણાં પગપાળા જતાં સાધુસંતો પણ આપણાં મંદિરમાં ભોજન આરામ કરતાં હતાં. આમ આ રીતે આપણા મંદિરમાં કાયમી સદાવ્રત જેવું ચાલું રહેતુ હતું.કાળક્રમે સમય બદલાતા આ બધું ઓછુ થઇ ગયું છતાં પણ શ્રી ત્રિકમજી દાદાના ચાર હાથ દરજી-સુથાર સમાજને આશીર્વાદ આપતા રહે છે. સમાજના કેટલાક ભાઇ-બહેનો પગે ચાલી દાદાના દર્શન કરવાની બાધા આખડી રાખે છે.તો દાદા તેમનું કામ સફળ કરે છે.

મહા શીવરાત્રી દાદાનો પાટોત્સવનો દિવસ હોઇ તે દિવસે સમાજના ઘણા ખરાના ઘેર લાડુનો પ્રસાદ બનાવી દાદાને પ્રસાદી ધરાવી પછી પોતે જમે છે.

માતાજીની પલ્લી ભરવાનું આપણે ભૂલતાં નથી,છેડા છેડી છોડવાનું ભુલતાં નથી તો દાદાને ઇષ્ટદેવ તરીકે કેમ ભુલાય ? ઘણાં ખરા દંપતી ( વરઘોડિયા) પોતાની કુળદેવીને પગે લાગી તરત જ ઇષ્ટદેવના દર્શન કરવા શ્રી ત્રિકમજી મંદિરમાં આવે છે.આ ઉપરથી ખ્યાલ આવે છે કે કુળદેવી દરેકની અલગ હોય પણ ઇષ્ટદેવ એક જ હોય એને ખુલાય તો કેમ ચાલે ?

દાદાના સાનિધ્યમાં દર કાર્તિક પૂનમના રોજ સમગ્ર સમાજ એકત્રીત થઇ **108** દિવાની મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે અને મહાપ્રસાદ રૂપે જમણવાર રાખવામાં આવે છે.

શ્રધ્ધાળુઓ દર પૂનમના દિવસે રજા પાળે છે.અને દાદાના દર્શન કરવા આવે છે.મંદિરમાં વર્ષમાં એકાદ બે મોટા યજ્ઞો પણ થાય છે.

મંદિરના વહીવટ માટે **1953** માં એ **/ 1147** મહેસાણાના ટ્રસ્ટ રજી.દ્વારા મંદિરનું ટ્રસ્ટ રજી.થયેલું છે.ત્યારથી ટ્રસ્ટીઓ વહીવટ કરે છે.તેના ટ્રસ્ટીઓ સમયાંતરે બદલાતા રહે છે.

મંદિર સમાજને મળ્યું ત્યારે અને તે પછી પણ દાતાશ્રીઓ તરફથી ભગવાનના સોના ચાંદીના ઘણાં દાગીના અને વાસણ ભેટ ધરાવેલ છે.જે આજે પણ મોટા ઉત્સવો અને સમૈયા પ્રસંગે ભગવાનને ધરાવવામાં આવે છે.જે દર્શન કરતાં નિહાળવું એ પણ એક લ્હાવો છે.વડિલોની સખત મહેનતથી ભગવાનશ્રીનો અખંડ દીવો યોજના આજીવન ચાલુ છે.તેવી જ રીતે ભગવાનને રોજીંદા રાજભોગ માટે કાયમી તીથીની નોંધણી પણ ચાલ જ છે.તેમાં ભાગ્યશાળીઓ દાદાના પ્રસાદની તીથીમાં પોતાના ઘેર બાળક જન્મે તે દિવસથી,નોકરી મળે,મકાનનું વાસ્તુ કરે,દુકાનનું મુહૂર્ત કરે,કોઇની પૂણ્યતીથી વગેરે નિમીત રાખી નોંધ કરી ફંડ આપે છે.સમાજ ધારે તો આ કોઇ મોટો ફંડ નથી,પણ દાદા આ કામ પૂર્ણ કરાવશે જ.

દાદાની અમિ દ્રષ્ટિ સમાજ પર કાયમી રહી છે.સમાજે મંદિર અને સમાજના કામો હસતે મોઢે સ્વીકારેલ છે.દાદા દરેક કામ પૂરૂં કરાવે છે.સમાજ પહેલાં કરતા ઘણો જ પ્રગતિના પંથે છે.જે દાદાની કૃપા સિવાય આપણે શું કરી શકીએ.દાદા સમાજ દવારા શુભ કાર્યો કરાવે તેવી શુભકામના..સવ જ્ઞાતિ બંધુઓને વંદન

---

લેખન અને સંકલન - રામજીભાઇ જી.દરજી, વારાહી

- દલપતભાઇ કે.દરજી,ભૂજ

(નવમાં સમૂહલગ્નના અહેવાલમાંથી)